## અમારા વિષે

વુમન્સ સેન્ટર (મહિલા કેન્દ્ર) એક બિન-સરકારી, નફા માટે નહીં ચલાવાતી સમુદાય આધારિત સંસ્થા છે, જેને મહિલાઓ દ્વારા મહિલાઓ માટે ચલાવવામાં આવે છે. ૧૯૮૬માં ખોલવામાં આવેલું મહિલા કેન્દ્ર, સીમાની બંને બાજુએ ન્યુ સાઉથ વેલ્સ અને વિક્ટોરિયામાં મહિલાઓને સેવાઓ અને સહાય પૂરી પાડે છે અને તે આલ્બરીમાં સ્થિત છે.

અમે ૧૬ વર્ષ કે તેથી વધુ વયની મહિલાઓ અથવા મહિલા તરીકે ઓળખાતી કોઇ પણ વ્યક્તિનું, તેમના લિંગ અથવા લૈંગિક રચનાને ધ્યાન પર લીધા વિના સ્વાગત કરીએ છીએ.

અમે ઘરેલું અથવા પારિવારિક હિંસા અથવા યૌન ઉત્પીડનનો અનુભવ કરતી મહિલાઓ, ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોની મહિલાઓ, એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર મહિલાઓ તેમજ સ્થળાંતરિત/સાંસ્કૃતિક અને ભાષાકીય રીતે વૈવિધ્યપૂર્ણ પૃષ્ઠભૂમિ ધરાવતી મહિલાઓ માટે સહાયને પ્રાથમિકતા આપીએ છીએ.

**QR કોડ સ્કેન કરીને દાન કરો**





## ખૂલવાનો સમય

સોમવારથી શુક્રવાર
સવારે ૯થી બપોરે ૧૨,
બપોરે ૧થી સાંજે ૫ વાગ્યા સુધી

Women's Centre
FOR HEALTH & WELLBEING
ALBURY WODONGA
*A place for all Women*
ABN: 85 476 895 526

**જો આ કટોકટી હોય તો, કૃપા કરીને ફોન કરો;**

કટોકટીની સ્થિતિમાં 000
લાઇફલાઇન ૧૩ ૧૧ ૧૪
1800 RESPECT
ઇનટચ - મલ્ટી કલ્ચરલ સેન્ટર અગેઇન્સ્ટ ફેમિલી વાયોલન્સ (વિક્ટોરિયા) (પારિવારિક હિંસાના વિરોધમાં બહુસાંસ્કૃતિક કેંદ્ર) ૧૮૦૦ ૭૫૫ ૯૮૮
ઇમિગ્રેશન એડવાઇસ એન્ડ રાઇટ્સ સેન્ટર ડીવી પ્રાયોરિટી લાઇન (હીજરત સલાહ અને અધિકાર કેંદ્ર ઘરેલું હિંસા પ્રાથમિકતા રેખા) (૦૨) ૮૨૩૪ ૦૭૭૭

**અમારો સંપર્ક કરો**
(02) 6021 5773

**અમારી વેબસાઇટ**
www.womenscentre.org.au

**અમારું સરનામુ**
526 Swift Street, Albury 2640



Gujarati Translation

# Women's Centre for Health & Wellbeing

## Albury Wodonga

## ગેરવર્તાવ શું છે?

અપમાનજનક સંબંધમાં, એક ભાગીદાર શારીરિક યાતના, ટીકાઓ, માંગણીઓ, ધમકીઓ, પ્રજનન દબાણ, જાતીય દબાણ, એકલતા, આર્થિક નિયંત્રણ અથવા વિઝાના દુરુપયોગ દ્વારા બીજા પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરે છે.

દરેક દંપતિમાં દલીલો કે મતભેદ હોય છે. આદરપૂર્ણ અને સમાન સંબંધમાં, બંને ભાગીદારો તેમના મંતવ્યો જણાવવા, તેમના પોતાના નિર્ણયો લેવા, પોતે જેવા છે તેવા રહેવા અને સેક્સ માટે ના પાડવાની છૂટ અનુભવે છે.
પીડિત અને તેના બાળકો માટે, આ વર્તન ખૂબ જ ભયાનક, ડરાવનારું, મૂંઝવણભર્યું અને નુક્સાનકારક હોય શકે છે

માનસિક, આર્થિક, વિઝાને લગતો અથવા ભાવનાત્મક ગેરવર્તાવ શારીરિક શોષણ જેટલો જ હાનિકારક હોય શકે છે. ઓસ્ટ્રેલિયામાં ગમે તે સંજોગો હોય તો પણ સંબંધોમાં ગેરવર્તાવ ક્યારેય સ્વીકાર્ય નથી, અને તેમાં ક્યારેય પીડિતનો દોષ નથી.

ગેરવર્તાવ દારુ, અથવા તણાવ અથવા ભોગ બનનારની વર્તણૂંકને કારણે થતો નથી. ગેરવર્તાવ થાય છે, કારણ કે ગેરવર્તાવ કરનાર બીજી વ્યક્તિને નિયંત્રિત કરવા અને ચાલાકી કરવા માંગે છે. શારીરિક અથવા યૌન ઉત્પીડન, બળજબરીપૂર્વક નિયંત્રણ, ધમકીઓ આપવી અને પીછો કરવો એ ઓસ્ટ્રેલિયામાં ગુનો છે અને તેની જાણ પોલીસને કરવી આવશ્યક છે.

જો તમે અથવા તમે જાણતાં હોવ તેવી કોઇ વ્યક્તિ ગેરવર્તાવનો અનુભવ કરે છે તો મદદ ઉપલબ્ધ છે.

વુમન્સ સેન્ટર (મહિલા કેન્દ્ર) મદદ કરવા માટે અહીં છે, અમને (૦૨) ૬૦૨૧૫૭૭૩ પર ફોન કરો.

## અમારી સેવાઓ

એપોઇન્ટમેન્ટ લેવા અથવા સહાય માટે અમને (૦૨) ૬૦૨૧ ૫૭૭૩ પર ફોન કરો અથવા ૧૦૨/૫૨૬ સ્વીફ્ટ સ્ટ્રીટ, આલ્બરી પર અમારી કચેરીમાં આવી જાવ

અમારી અનુભવી ટુકડી અને સલાહકારો, મહિલાઓ તેમની જગ્યા તરીકે ઉપયોગ કરી શકે તે માટે એક સલામત સ્થળ બનાવવા હાજર છે

- ઇન્ટેક અને રેફરલ
- પરામર્શ
- એનઆઇએલએસ વ્યાજ વગરનું ધીરાણ
- ઉપચાર સંબંધી જૂથો
- નિ:શુલ્ક કાનૂની કેન્દ્ર
- અવર સિસ્ટર્સ ક્લોઝેટ (આપણી બહેનોનું કબાટ)

## તમને ટેકો આપી રહ્યા છે

અમારી ઇન્ટેક અને રેફરલ સેવાઓ કટોકટીની સ્થિતિમાં, રહેવા, ઘરેલું અને પારિવારિક હિંસામાં સહાય, યૌન ઉત્પીડન, બળજબરીથી નિયંત્રણ, ગેરવર્તાવ, એવીઓ (એપ્રિહેન્ડેડ વાયોલન્સ ઓર્ડર્સ – પકડાયેલ હિંસાના આદેશો), ગુનાનો ભોગ બનેલી મહિલાઓ માટે પ્રથમ હરોળની સહાય પૂરી પાડે છે, ગૌરવ થેલીઓ વહેંચે છે અને બીજું ઘણું કરે છે.

અમે વ્યક્તિગત પરામર્શ સેવાઓ તેમજ ઉપચાર સંબંધી જૂથો પ્રદાન કરીએ છીએ. જૂથો સત્રના આધારે અઠવાડિયામાં એકવાર યોજવામાં આવે છે અને તે ૮ અઠવાડિયા સુધી ચાલે છે.

અમારું સમયપત્રક વર્ષના જુદા જુદા સમયે ઉપલબ્ધ વિવિધ જૂથો અને સેવાઓ દર્શાવે છે.

એનઆઇએલએસ (વ્યાજ વગરનું ધીરાણ) સેવાઓ ઉપલબ્ધ છે. આજે જ તમારી એપોઇન્ટમેન્ટ લેવા ફોન કરો.

હ્યુમ રિવેરિના કમ્યુનિટી લીગલ સર્વિસીસનું એક કેન્દ્ર છે, જે એવીઓ, જુદા થવું, પારિવારિક કાયદો, વિઝાનો દુરુપયોગ, સંપત્તિ અને અન્ય બાબતો પર સલાહ લેવા ઇચ્છતી મહિલાઓ માટે ઉપલબ્ધ છે.

અવર સિસ્ટર્સ ક્લોઝેટ એ, કાર્યબળમાં પાછા ફરવા માંગતી એવી મહિલાઓ માટે એક મફત સેવા છે, જેમની પાસે ઇન્ટરવ્યુ માટે અથવા રોજગાર શરૂ કરવા માટે કપડાં ન હોય. એપોઇન્ટમેન્ટ દ્વારા તમામ કદમાં નવા અને નવા જેવા જ વ્યાવસાયિક વસ્ત્રો ઉપલબ્ધ છે. અમે, કશું જ લીધા વગર ઘરેલું અને પારિવારિક હિંસાથી ભાગેલી મહિલાઓ અને છોકરીઓને પણ આની ભલામણ કરીએ છીએ.